[illegible] ईश्वरस्तुती.

રચનાર.

ત્રવાડી છોટાલાલ દલપતરામ.

ત્રવાડી હરીશંકર મગનલાલ તથા.
છગનલાલ પીતાંબરની સાહાય-
તાથી આ લઘુ પુસ્તક છપાવી
પ્રસિદ્ધ કર્યું.

પ્રત ૧૦૦૦

દોહરો.

કર્ત્તા એ કરૂણા કરી, કર્યું જગત નિરધાર,
તેને મુજ શીશ નામીને, વંદુ વારંવાર.

અમદાવાદ

'સમશેર બહાદુર' છાપખાનામાં સવાઇભાઇ
રાયચંદે છાપી.

કિંમત ૧ આનો.

૨૫૫૪

ઈશ્વરસ્તુતી

રચનાર.

ત્રવાડી છોટાલાલ દલપતરામ.

ત્રવાડી હરીશંકર મગનલાલ તથા.
છગનલાલ પીતાંબરની સાહાય-
તાથી આ લઘુ પુસ્તક છપાવી
પ્રસિદ્ધ કર્યું.

દોહરો.

કર્ત્તા એ કરૂણા કરી, કર્યું જગત નિરધાર,
તેને મુજ શીશ નામીને, વંદુ વારંવાર.

અમદાવાદ

'સમશેર બહાદુર' છાપખાનામાં સતાઈભાઈ
રાયચંદે છાપી.

સન ૧૮૮૫ સંવત ૧૯૪૨

अर्पण पत्रिका.

આ લઘુ પુસ્તક અમદાવાદ બ્રાંચસ્કુલ
નંબર પેહેલાના હેડમાસ્તર રેવાશંકર
ત્રીપુરાશંકર ની સેવામાં
અર્પણકર્યું છે.

પ્રસ્તાવના*

ઇશ્વર કૃપાથી આ લઘુ પુસ્તક ઘણી થોડી મુદતમાં એટલે આશરે પાંચ છ, દિવસમાં અમારી અલ્પ બુદ્ધી થી તૈયાર કરીને છપાવ્યું છે. તેથી કવિતાની અંદર જો કોઇ સદ ગુહસ્થોને કાંઇ પણ ભુલ માલમ પડે તો તે મહેરબાની કરી માફ કરશો એવી આશાછે.

श्री ईश्वरस्तुती प्रारंभ.

મનહર છંદ.

સુંદર આ સૃષ્ટિ જેણે, સૃજી સર્વ સુખ મય,
સારી રીતે સેવા તેની, સ્નેહે રોજ કીજીયે;
સંભારી સંભારીને આભાર ભારી ભારી એના,
ભલાઇ ન ભૂલી ભાઇ ભલા ભાવે ભજીયે.
ઝાડીમાં ઝુકી રહેલાં, ઝાડ તણાં ઝુંડ ઝાઝાં,
પ્રૌઢ પરવત નદી નાળાં જે ગણીજીએ;
બધુ બહુ નામીએ બનાવ્યું બીજાથી ન બને.
માન અભિમાન તાન તેથી તન તજીએ.

દોહરો.

જય જય પ્રભુ અશરણ શરણ સકળ સૃષ્ટિ સૃજનાર;
અલ્પમતીથી ઊચરૂં, સ્તુતિ શુણો આવાર. ૧

પ્રથમ નમુ ગણ નાથને. પાર પડે મુજ કામ;
અલ્પ બુદ્ધીથી આચરૂં, ઠીક રહી આ ઠામ. ૨
સરસ્વતી માને નમું, નમું હું વારંવાર;
આપ આજ્ઞાથી આચરૂં, કરવા રૂડું કાર્ય. ૩

દોહરો

સમરણ કરતાં શીવનું, પાપ દૂર સવિ જાય;
કર્મ ખપાપી આતમા, આનંદ અંગ ન માય. ૧
માટે સરવે માનવી, શીવનું ધારો ધ્યાન;
તેમ કર્યાથી રીઝશે, શંભુ જોગીવાન. ૨

શાર્દુલ વિક્રિડિત

હે વીશ્વેશ્વર આજ તુજ ઉરમાં મારી અરજ ધારજે,
જેથી હું સ્તુતિસારિ તારિ કરૂં છું, કામો પુરાં પાડજે;
પીતા આપ સમાન દ્રષ્ટી કરજો, ભકતો તણી ઊપરે,
સારા માણસ આજ આ ઉર ધરી, ભકતી પ્રિતે આદરે. ૧
કલ્યાણી મમ માત હાલ વિનવું, જોડી મમ હાથને,
વીદ્યા વાદ વિનોદ વાણિ વિમળા, તે તું બહુ આપને;
દુનીઆના સહુ દુઃખ દૂર કરવા, લીધા બહુ જન્મને
સારા માણસ આજ આ ઉરધરી, ભકતી પ્રિતે આદરે. ૨

દોહરો

જય જગ વંદન ઓ પિતા, કરૂણા નિધિ જગનાથ;
શીશ નામી આશિશ લે, જોડી હાથ. ૨
જયાં જોઈએ ત્યાં તાહરી, ગતી જોઊં નિરધાર;
ધન ધન ધન તારી કળા, વીનવું વારંવાર. ૨

હરીગીતછંદ.

જય સર્વ સ્વામી, સર્વગામી, ધામી વળિ સૌ ધામના,
જય વિપત વામી, રજન ખામી, નામિ બહુબહુ નામના;
વૈરી વિદારણ પાપિ તારણ, દુઃખ હારણ સુખકરા,
કરિ દાદ દીનનિ યાદ, દુર્મતિ હરિ. સુમતિ દે ઇશ્વરા. ૧
શું શકિત મુજમાં કાવ્ય કરવા, ગુણ ઉચ્ચરવા ગીતથી,
પ્રભુ આપ પ્રેરિત હોય મતિતો, તો બને તે રીતથી;
આધારમાં આધાર તારો, અન્યનાં નહી આશરા,
કરિ દાદ દિનની યાદ, દુર્મતિ હરિ સુમતિ દે ઇશ્વરા. ૨

દોહરો

જય જય સકલ જગતપતી, અખિલ જગતના ઇશ;
જય જય જય જનની જનક, જય જય શ્રી જગદીસ.

હરીગીતછંદ

હે નાથ હેતે હાથ, બંને સાથ જોડી વીનવુંછું,
કરિ કાય ડંડ પ્રસાય પ્રેમે, પાયતારે પ્રણમુંછું;
વળિ વારવાર ઊંચારૂંછું, કરતાર કીર્તિ અપારરે,
આ વખત મુજને સખત, દુઃખ તે ઉપર કરતુંજ
મેરરે. ૧
પ્રભુછું તું દીનદયાળ જનપ્રતિપાળ કોપ કુકર્મિને,
કરિને પ્રહાર અપાર મારે માર મુર્ખ અધર્મિને;
અન્યાય થાય જરાય નહિ પણ ન્યાય નેહે અનુસરે;
આ વખત મુજને સખત દુઃખ તે ઉપર કરતુંજ મેરરે.
તુજ ચરણ કેરૂં શરણ પકડું મરણ પછિછે સર્વને,
બની દિન કરૂંછું વીનતી કરિ ક્ષીણ ખોટા ગર્વને;
ગુણ જાણશો ન ગમાર મન મોઝાર તારા સારરે;
આ વખત મુજને સખત દુઃખ તે ઉપર કર તુજ મેરરે. ૩
કરમંગળ જોડા સર્વ સ્થળથી વૃત્તિ તોડી હે વિભૂ,
અતિ નિર્મળ તુજ પદ કમળમાં મુજ શીશ નામુંહે પ્રભુ;
વિશ્વાસ એશ વિશેષ તારો સર્વથી સુખ સારરે,
આ વખત મુજને સખત દુઃખ તે ઉપર કર તુજ મેરરે. ૪

દોહરો

ગાણુ દાતાને હું નમું, વંદુ વારંવાર;
આજ્ઞા આપો જો તમે, કવિતા કરૂં હું સાર. ૧

રાગ લલીતછંદ

અરર હે પ્રભૂ, પૃથ્વી નાથરે;
પ્રણમું હું તને, જોડી હાથરે;
સકળ વિશ્વના, નાથ હે પ્રભૂ,
અકળ તાહરી, છે બહુ વિભૂ, ૧
અરજ માહરી, ઊરમાં ધરો,
પ્રભુ પરત્પરા, કષ્ટને હરો;
પ્રબળ તાહરૂં જોર છે ખરૂં,
પ્રણમિ તું પદ, પાપ મેહરૂં. ૨
પ્રભુ તમે ખરા, છો નિરંજના,
ભગતની તમે, ભાગી ભંજના;
સકળ આશના પૂર્ણછે ખરી,
નમુ નમુ તને, હે હરી હરી. ૩

કૃપાજ સાગરા, શીશ નામિને,
વદુજ ઉરથી, પ્રેમ આણિને;
ભૂલ જે કીધી, બાળપણમાં,
ક્ષમા કરો પ્રભુ, લાવી મનમાં. ૪

શકિત તાહરી, ઓ પ્રભૂ ઘણી,
પસરિ ખંડોમાં, જગતના ધણી;
વધારવાજને, જ્ઞાન ભક્તનું,
પિત્યર્થ તેં રચ્યું, કામ સત્યનું. ૫

અસંખ્ય ઓ પ્રભુ, પાપ હું કરૂં,
અસત્ય કર્મથી. પેટ હું ભરૂં;
પદ પડી પ્રભુ, તૂજને નમું,
તુજ કૃપા વિના વ્યર્થ હું ભમું. ૬

ખરાબ વાંચ્છના મનમાં ઠસે,
તુજ નામતો, નીશદી ખસે;
કામ ક્રોધને, મુક જીભથી,
મૂઢ મનથી, ખરે જતાં નથી. ૭

દુષ્ટ કર્મ મેં, અતિ કર્યા હશે,
તુજ વિના પ્રભુ કોણ તારશે;

(વિષયમાંજ હું, લીન બહુ થયો,
આથક પાપમાં, ગર્ક થઇ ગયો. ૮

અંબાર પાપના, મૂજ શીરછે,
રોમ રોમતો, અસત્ય ઇરાછે;
કરવા પ્રાર્થના, યોગ્ય હું નથી,
જતા કરો પ્રભૂ, પાપ ઇરથી. ૯

ભર જુવાનીમાં પાપ મેં કીધાં,
અરર રામના નામ ન લીધાં;
મરી ગયા પછી શી વલે થશે,
અરર બ્રહ્મનો ક્રોધ શો હશે. ૧૦

અકળ શકિત છે, તાહરી પ્રભુ,
સંહાર મૂજરે, પાપ એ વિભુ;
સદગતી કરો જગત નાથરે,
ત્રાતા દેવરે, જોડું હાથરે. ૧૧

વિભૂ વિભૂ વિભૂ, ઇશ ઇશરે,
વિનયથી વદું, જગત નાથરે;
મૂજ પાપનો કરોજ નાશરે,

કરગરી કહું, છુંહું દાસરે. ૧૨

પ્રાણી માત્રનો, પાળ તુંજણું,
શક્તિ તાહરી, અતિ ગણુંજણું;
કષ્ટ કાપરે, સર્વ માહરા.
પરમ સાગરા, પુજ્ય પાદરા, ૧૩

સગાં સનેહીયો, દેશિ માહરા,
સુખી કરો પ્રભુ, દયાજ સાગરા;
ભગત તાહરો, છોટાલાલરે,
દ્વી કરજોડીને, વંદે આજરે. ૧૪

દોહરો

અહો દેવના દેવ પ્રભુ, અખિલ જગત આધાર;
તત્વ પ્રગટ કરીને તમે, રચ્યો સર્વ સંસાર. ૧

વસંતતિલકા

હે વિશ્વનાથ સ્તુતિ આ ઊરમાં ધરેરે,

દુઃખો સઊ અમતણાં, દૂરતો કરોરે;
આપો અખંડ ભક્તી તુજ પાય આગે;
એવી કૃપા તમ તણી દિન દાસ માગે.

ભુજંગીછંદ

અરે આપ આપો વડી બૂધ્ધિ સારી,
મહા મોટી સ્તૂતી કરૂં હું તમારી;
મહા પાપમાંથી તમેતો વિદારો,
પ્રભૂજી તમે દુઃખમાંથી ઉગારો. ૧

જશો સર્વે પાપો કૃપાથી તમારી,
કરૂં હું બધી તારિ લિલા વિસ્તારી;
નહીં આવશે કૃત્ય તારાનો આરો,
પ્રભૂજી તમે દુઃખમાંથી ઊગારો. ૨

દોહરો

સર્વ જન આ જગતના, સુણજો ધરિને પ્રેમ;
કવિતા કરવા આદરી, રાજીરહે હરિ જેમ

કૃપા કરી ઇશ્વર સઉ. આપી વસ્તુ સાર;
હું તમ પાચે પ્રણમિને, માનુંછું આભાર. ૨
મનુષ્ય જનાવર પરવતો, નદી નાળાં તેં દીધ;
તે તે સઘળું જગતમાં, અમ સારૂં છે કીધ. ૩
મહિપતિનો મહિપતીજ તું, નૃપતિનો વળી નૃપ;
કૃપા તાહરી આવશે, તો સઉ થઇશું તૃપ્ત. ૪
કલ્યાણાર્થે તું પ્રભુ, અગણિત જન્મો ધાર;
ભલું કરે આ લોકનું, વંદુ વારંવાર. ૫

લાવણી.

જો મહેર કરો મહારાજ, ગજાનંદ આપ,
દુઃખ સર્વે જાયે દૂર, ટળે વળી પાપ;
મુજ કામ થાય આ, પૂર્ણ કહુંછું સાચું;
તુજ નામ વિના આ, દુનિયામાં છે કાચું; ૨
રે દુઃખ અમારૂં કાપ, કરીને મહેર.
જેથી કરીએ છીએ સહજ, લીલા લહેર;
મેં મનમાં માહારા, કામ આદર્યું ભારી;
જોઇએ છે તેમાં મોટી, મદદતો તારી;

હે માત સારદા વિનવું, તુજને ઉરથી.
મુજ આશ પૂર્ણ આ, થાય જરૂરજ તુજથી.
ઓ ઇશ નામીને શીશ, પ્રાર્થના કરીએ;
તુજ કૃપા દ્રષ્ટીની તળે, અમે સઉ રહીએ;
મુજ ગરીબ ઉપર, દયા કરો હે દેવા,
તમે આપો તેવા દીન અમારે લેવા;
હું પતીત હમને પાવન તું કરનારો,
હે ઇશ અમારા કૃત્ય તમે વિદારો;
આ અરજ ઉરમાં ધરી સદા સુખ કરશો,
આ ગરીબ જનોની દાદ સુણી, દુઃખ હરસો.
હે દીન જન પ્રતીપાળ તને તતકાળ નમાવી શીશ
નમું નમું તને બહુવાર અરે જગદીશ;
હે કૃપાવંત છો કૃપા તણા ભંડાર;
તુજ શકિતથી તેં કર્યું જગત આસાર.
હે ઇશ નમાવું શીશ તને કર જોડી.
તમે જતા કરો પ્રભુ પાપ માંહીથી છોડી.
અધિક આપછો સદા સુખ કરનારા,
વળી દુઃખી જનોના કષ્ટ સદા હરનારા.

દોહરો

હે હરિ ક્લેશ હમેશ હર, કર સુખ પૂરણ ખ્યાલ;
એ માગે તુજ આગળે, દિન દિન હરીલાલ. ૧

સમાપ્ત.

જાહેર ખબર*

આ પુસ્તક અમદાવાદકવિશ્વર દલપતરામ ડાહ્યા ભાઇને ત્યાંથી રોકડી કીંમતથી મળશે.

તથા ધોળકા મધ્યે ભીમશેઠની પોળમાં ત્રવાડી હ-રીશંકર મગનલાલ તથા છગનલાલ પીતાંબરને ત્યાંથી.